આજથી સાબરકાંઠા જિલ્લામાં કૃષિ મહોત્સવનો પ્રારંભ

સાબરકાંઠા જિલ્લાની ૨૫૧ તાલુકા પંચાયત સીટમાં ૧૬ કૃષિ રથ પરીભ્રમણ કરશે : જિલ્લાકક્ષાના કૃષિ મહોત્સવનો ઈડરના દિયોલી ખાતેથી આરંભ

હિંમતનગર, તા. ૧૩

સમગ્ર રાજ્યની આગામી તા. ૧૪મી મે, ૨૦૧૩ થી કૃષિ મહોત્સવનીનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાકક્ષાનો કૃષિ મહોત્સવ ઈડર તાલુકાના દિયોલી ગામેથી પ્રારંભ થશે.

સાબરકાંઠા જિલ્લાની કુલ ૨૫૧ તાલુકા પંચાયતની બેઠકવાર યોજાનાર કૃષિ મહોત્સવ-૨૦૧૩માં ૧૩૭૬ ગામોમાં ૧૬ કૃષિરથ પરીભ્રમણ કરશે. જેમાં ૩૨ કૃષિ વૈજ્ઞાનિકો ખેડૂતોને માર્ગદર્શન પુરૂ પાડશે.

આ કૃષિ મહોત્સવમાં બે તબક્કામાં યોજાનાર હોઈ તેમાં સવારે પ્રથમ તબક્કામાં પશુ આરોગ્ય કેમ્પ અને પશુ સારસંભાળ માટે માર્ગદર્શનની કામગીરી કરવામાં આવશે જ્યારે બીજા તબક્કામાં જળ સંચય, કેનાલ સફાઈ, માઈક્રો ઈરીગેશન વિષયો ઉપર પરીસંવાદ અને કામગીરીના આયોજનની ચર્ચા તથા સિંચાઈના કાયદા અંગે માહિતી/વક્તવ્ય, સ્થાનિક પ્રગતીશિલ ખેડૂતોના અનુભવોનું આદાન પ્રદાન, મુખ્યમંત્રીશ્રીનું ગ્રામજનોને સંબોધન, ખેત ઉત્પાદન વધારવા જે તે વિસ્તારને અનુરૂપ સી.ડી. મારફતે જીવંત પ્રસારણ તથા કૃષિ વિષયક પ્રદર્શન અને નિદર્શન અંગે માર્ગદર્શન, કિટ વિતરણ તેમજ કૃષી વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા ખેડૂતોપયોગી સ્થાનિક પ્રશ્નો અંગે માર્ગદર્શન ખેડૂતોને પૂરક માહિતી પુરી પાડવામાં આવશે. સાથો સાથ કૃષિ મહોત્સવ દરમિયાન ગ્રામજનોને પશુઓના આરોગ્યલક્ષી યોજનાઓની જાણકારી પશુપાલકોને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે.

આજે સાબરકાંઠા જિલ્લામાં ૧૬ ગામોમાં કૃષિ મહોત્સવ યોજાશે

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લામાં તા. ૧૪-૫-૧૩ના રોજ ૧૬ ગામોમાં કૃષિરથ પરીભ્રમણ કરશે. જેમાં ધનસુરા તાલુકાના આકરૂન્દ, હરિપુરાકંપા, કેશરપુરા, ગલાલની મુવાડી, નાણાં, ખાનપુરની મુવાડી, જાલમપુરા, વડાલીમાં ગોતા, વાડોઠ, ધામડી, વિવાવ મોરડ પ્રાંતિજમાં સલાલ, રસુલપુર, પીલુદરા મોડાસામાં સાકરીયા, ખલીકપુર, માથાસુરીયા, ડુગરવાડાઈડરમાં બડોલી, બુઢીયા, કાનપુર, તસીયા પાનોલ, બકરપુરા, મુસ્તુપુર, માથાસુર ગુજરવા, પાજ, દિયોલી, ભિલોડામાં ભીલોડા, માંકરોડા બુઢેલી, પહાડા, આંબાબાર, રામપુરી, બુધરાસણ, અજીતપુરા, ધરાસણ, પાટીયાકુવા બાયડમાં રડોદરા, રણેચી, સીમલજ, દહેગામડા, મોટાલાલપુર, હેમાત્રાલ, જુમાત્રાલ, ખેડબ્રહ્મામાં કલોલ, નાકા, દામાવાસ, તોદલીયા, દેરોલ વિજયનગરમાં વિજયનગર મેઘરમાં મેઘરજ-૧, પહાડીયા(મે), રેલ્યો હિંમતનગરમાં તાજપુરી, કોટવાડ હાપા, પીપલોદી બોરીયાખુરદ, કુડોલ નિકોડા, મનોરપુર સાકરોડીયા, બાવસર, તલોદમાં મહીયલ, મહાદેવપુરા, કેશરપુરા, નવા, કેશરપુરા, રાયણીયા, વલીયમપુરા, માધવગ, ઉમેદનીમુવાડી, માલપુર તાલુકામાં મઠવાસ, સાતરડા, ટીસ્કી, રાસાપુર, માનવા, ફગોડીયા, ગોપાલપુર, જેશવાડી, સુરજપુર ગામે કૃષિ મહોત્સવ યોજાશે.

સીબીઆઈ કે.આર. કૌશિકને સમન્સ પાઠવે તેવી શક્યતા

અમદાવાદ, તા. ૧૩

સમગ્ર ગુજરાતમાં ચકચાર જગાવનાર એવા ઈશરતજહાં એન્કાઉન્ટર કેસના આરોપી પી.પી. પાંડેની હાલ સીબીઆઈ સઘન શોધખોળ કરી રહી છે. ઈશરત કેસમાં સીબીઆઈએ પી.પી. પાંડેનું ધરપકડ વોરન્ટ મેળવ્યું છે. તેમજ હાજર થવા માટેનું સમન્સ પણ પાઠવ્યું છે. છતા હજી સુધી પી.પી. પાંડે હાજર થયા નથી. સૂત્રોના જણાવ્યાનુસાર આ કેસમાં સીબીઆઈ તે વખતનાં તત્કાલીન પોલીસ કમિશ્નર કે.આર. કૌશિકને પણ પૂછપરછ માટે સમન્સ પાઠવે તેવી શક્યતા જણાય છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર સીબીઆઈ ઈશરત કેસની ૨૦મી મેનાં રોજ આખરી ચાર્જશીટ ફાઈલ કરે તેવી શક્યતા છે. તેમજ આરોપી પી.પી. પાંડેને ભાગેડુ આરોપી જાહેર કરી શકે છે. પી.પી. પાંડે સીબીઆઈ સમક્ષ જો હાજર નહીં થાય તો સીબીઆઈ પાંડેની મિલકતોને પણ ટાંચમાં લેવાની માંગણી કોર્ટ સમક્ષ કરી શકે છે. આ કેસમાં તે સમયનાં તત્કાલીન પોલીસ કમિશ્નર કે.આર. કૌશિકની પણ સીબીઆઈ તપાસ કરી શકે છે. ઈશરતજહાં કેસમાં સીબીઆઈ કે.આર. કૌશિકને ઈશરત અને તેના સાથીઓ નરેન્દ્ર મોદી પર હુમલો કરવાના હોવાનો રીપોર્ટ મોકલનાર સેન્ટ્રલ આઈબીના અધિકારીઓની પણ પુછપરછ કરી શકે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ઈશરતની સાથે માર્યા ગયેલા જાવેદ પિલ્લાઈ અને અમજદ અલી રાણા જેઓ પહેલેથી જ ક્રાઈમબ્રાંચની કસ્ટડીમાં હતાં તેની માહિતી કે.આર. કૌશિક પાસે હતી કે કેમ તેમજ આ કેસ અંગે તેમને શું શું જાણકારી હતી તેની તપાસ કરવા સીબીઆઈ કે.આર. કૌશિકને સમન્સ મોકલી શકે છે. સીબીઆઈએ હાલ આરોપી પી.પી. પાંડેની દરેક જગ્યાએ શોધખોળ હાથ ધરી છે. સીબીઆઈએ પાંડેના વતન ઉત્તરપ્રદેશમાં પણ તપાસ કરી હતી પરંતુ હજી સુધી સીબીઆઈ તેનો પત્તો મેળવી શકી નથી.

પ્રાંતિજ તાલુકાના ચેકડેમો અને ખેત તલાવડીમાં વ્યાપક ભ્રષ્ટાચારની ગંધ

પ્રાંતિજ, તા. ૧૩

સરકાર દ્વારા જળસિંચન માટે જુદી જુદી યોજનાઓ બનાવવામાં આવી છે. જે અંતર્ગત પ્રાંતિજ તાલુકામાં કરોડો રૂપિયાના સરકારી ખર્ચે ખેત તલાવડી અને ચેકડેમ બનાવવામાં આવ્યા છે. પરંતુ ચેકડેમ સાવ તકલાદી બનાવવામાં આવતા સરકારના કરોડો રૂપિયા વેડફાઈ ગયા છે તેમ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

સીમનું પાણી સીમમાં ને નદીઓનું વહી જતું પાણી જાળવવા તેમજ સીમમાં વહી જતા પાણીને સાચવવા માટે સરકાર દ્વારા ચેકડેમો ખેત તલાવડી બનાવવાની યોજનાઓ માત્ર કાગળ પર રહી જતી હોય તેમ પુરતા ચેકડેમો ખેત તલાવડીઓ યંત્રો દ્વારા બનાવ્યા પછી તેમાં અપૂરતો માલ સામાન અને મટીરીયલ વાપરવામાં આવતા અત્યારે ચેકડેમો, તલાવડીઓ અસ્તિત્વ વગરના બની ગયા છે. સરકારના કરોડો રૂપિયા વેડફાઈ ગયા હોય તેમ લાગી રહ્યું છે. પાણીનો પ્રશ્ન વધુને વધુ પેચીદો બની ગયો છે.

પ્રાંતિજ તાલુકામાં બનાવાયેલ હજારો ખેતતલાવડીને ચેકડેમો વગેરેમાં ભારે કથિત ભ્રષ્ટાચાર કરી તમામ ગ્રાન્ટ કોઈકના પેટમાં ઓહિયા થઈ ગયાની વાતો થઈ રહી છે. ને નામ માત્ર કાગળ પર જ તેમજ ચેકડેમો તેમજ તલાવડીઓ ઠામ ઠેકાણા વગરની બની જતાં ક્યાંય પણ પાણી સચવાયુ નથી. ને બોર કુવા કે તળાવોમાં છાંટો પણ પાણી નહી રહેતા લોકોને ઉનાળો આકરો બન્યો છે. તેમજ બીજી તરફ ચેકડેમો ખેત તલાવડી ભ્રષ્ટાચારના કારણે કામમાં ખામીઓના કારણે પાણી વગર ખાલી પણ રહેતા ખેડૂતો સહિત લોકોને પાણી માટે જુદી જુદી જગ્યાઓ ઉપર વલખા મારવા પડે છે. અને બોરકુવાઓ ફેલ જતાં પાણી જન્ય પાકોમાં ભર ઉનાળે અસર પડતા ખેડૂતોમાં આક્રોસની સાથે તપાસની માંગ પણ ઉઠવા પામી છે. જ્યારે પ્રાંતિજ તાલુકામાં બનાવાયેલ ચેકડેમો ખેત તલાવડીના કામોની વિઝીલન્સ તપાસ થાય તો કેટલાકના પગ તળે ભ્રષ્ટાચારનો રેલો પહોંચે તેમ છે. ને સરકારના પૈસા સરકારના જ કર્મચારીઓ કે પદાધિકારીઓએ લુટી લીધાનું પડયંત્ર બહાર આવે તેમ છે. જેથી આ તપાસ પ્રોજેક્ટનું મોનીટરીંગ તથા તપાસ માટેની કિસાનોની માંગ ઉઠવા પામી છે.

ધારી-જીરા-ચલાલા પંથકમાં કમોસમી ધોધમાર વરસાદ

અમદાવાદ, તા. ૧૩

રાજ્યમાં ગઈકાલે રાત્રે કેટલાક વિસ્તારોમાં લો-પ્રેશર સર્જાવાને કારણે ભારે પવન સાથે વાવાઝોડું ફુંકાયા બાદ કમોસમી વરસાદના ઝાપટાં પડયા હતા. તથા આજે અમરેલી જીલ્લાના ધારી-ચલાલા-જીરા વિસ્તારમાં કમોસમી ધોધમાર વરસાદ પડતા રોડ-રસ્તા પર પાણી ફરી વળ્યા હતા એમાં જીરામાં નદીમાં પૂર આવ્યાના વાવડ પણ મળ્યા છે. હવામાન ખાતાના જણાવ્યા મુજબ રાજ્યમાં હજુ બે-ત્રણ દિવસ આકાશ વાદળછાયું રહેશે. ઉત્તર-પશ્ચિમમાં વાવાઝોડું ફુંકાવવાની પણ શક્યતા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ રાજ્યમાં આજે સૌથી વધુ ઉષ્ણતામાન રાજકોટમાં ૪૧.૭ ડીગ્રી નોંધાયું હતું. જ્યારે સુરેન્દ્રનગરમાં ૪૧.૫ ડીગ્રી, કંડલા એરપોર્ટમાં ૪૧.૪ ડીગ્રી, અમદાવાદમાં ૪૧.૨ ડીગ્રી અને ઈડરમાં ૪૧.૨ ડીગ્રી તાપમાન નોંધાયું હતું.

રાજ્યમાં છેલ્લા બે-ત્રણ દિવસથી ઉષ્ણતામાનમાં ખાસ કોઈ વધઘટ નોંધાઈ નથી પણ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધવાને લીધે લોકોએ બફારાનો અહેસાસ કર્યો હતો. અમદાવાદ શહેરમાં સવારે ૮.૩૦ કલાકે હવામાં ભેજનું પ્રમાણ ૬૪ ટકા અને સાંજે ૫.૩૦ કલાકે ૨૬ ટકા નોંધાયું હતું આવતીકાલે શહેરમાં સરેરાશ તાપમાન ૪૧ ડીગરી આસપાસ રહેવાની શક્યતા છે.

હવમાન વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ ઉત્તર ગુરજાતના કેટલાક વિસ્તારોમાં ગઈકાલે સાંજથી જ વાતાવરણમાં પલટો આવ્યો હતો અને પાટણ અને બનાસકાંઠા જિલ્લાના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદના ઝાપટાં પડયા હતા. માવઠાને લીધે સમગ્ર વિસ્તારમાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી

પાલનપુર બ્રહ્મ સમાજ દ્વારા કેરીયર કાઉન્સેલીંગ શરૂ

પાલનપુર, તા.૧૩

પાલનાપુરમાં પરશુરામ જયંતિના મહાપર્વે પરશુરામ પરિવાર દ્વારા બનાસકાંઠા સમસ્ત બ્રહ્મ સમાજ, બનાસકાંઠાના સંયુકત ઉપકમે બ્રાહ્મણ સમાજના યુવક યુવતિઓ મટે યુપીએસસી અને જીપીએસસી, બેંકીંગ વિગેરે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે બ્રહ્મ સમાજ કેરીયર એન્ડ કાઉન્સેલીંગ ઈન્સ્ટીટયુટ નો શુભારંભ પૂર્વ કેબીનેટ મંત્રી જય નારાયણભાઈ વ્યાસના હસ્તે કરાયો હતો.

જય પરશુરામ હર હર મહાદેવના મંત્રોચ્ચાર સાથે હજારો ભૂદેવોએ પરિવારજનો સાથે ઉપસ્થિત રહી બ્રહ્મ સંમેલન સમાજના તેજસ્વી તારલાઓને વિવિધ મહાનુભાવો દ્વારા સન્માન, બ્રહ્મભોજન, લોકડાયરોની મજા માણી સમાજની એકતા માટે ભાર મુકી બ્રાહ્મણ-બ્રાહ્મણને સહકારની વાતને અમલમાં મૂકવા માટે ભાર મુકવામાં આવ્યો હતો. બ્રહ્મદેવ એ સર્વે માટે આદર સમાન છે તથા તમામ જ્ઞાતિ-સમાજોને ધર્મનું સાચું માર્ગદર્શન આપે છે. આ પ્રસંગે અંબાજીથી ચુંદડીવાળા માતાજી આર્શિવચન આપવા માટે આવ્યા હતા તેમજ અમદાવાદથી જગદીશભાઈ સોમનાથ દવે, નરેશભાઈ રાવલ તેમજ ચેતનભાઈ રાવલ ઉપસ્થિત રહ્યા હતાં.

સનસનાટીપૂર્ણ કોલ સેન્ટર ખંડણી કાંડ

પીએસઆઈ ગોસ્વામીના આગોતરા જામીન નામંજુર

૧૪ લાખની ખંડણીના કેસમાં સીટી સિવિલ સેશન્સ કોર્ટે અરજી ફગાવી: પ્રથમ દર્શનિય ગુનો બને છે : કોર્ટનું તારણ

અમદાવાદ, તા. ૧૩

શહેરભરમાંચકચાર જગાવનાર કોલ સેન્ટર ખંડણી કાંડમાં કોલ સેન્ટર માલિક પાસેથી ૧૪ લાખની ખંડણી માંગનાર બે પીએસઆઈ આરોપી પૈકી પ્રદીપ ગોસ્વામીની આગોતરા જામીન અરજી સીટી સીવિલ સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે. પીએસઆઈ ગોસ્વામી વિરૂધ્ધ પ્રથમ દર્શનીય ગુન્હો બનતો હોવાથી કોર્ટે તેની ગંભીર નોંધ લઈ પીએસઆઈ ગોસ્વામીના આગોતરા જામીન નામંજુર કર્યા છે.

આ કેસની વિગત એવી છે કે નહેરૂનગર સ્થિત એક ખાનગી કોલ સેન્ટર માલિક પાસેથી સેટેલાઈટ પોલીસ મથકના બે પીએસઆઈ પ્રદીપ ગોસ્વામી અને અર્જુન જાડેજાએ ૧૪ લાખની ખંડણી માંગી હતી. ત્યારબાદ કોલ સેન્ટર માલિકે સેટેલાઈટ પોલીસ મથકમાં બંને પીએસઆઈ વિરૂધ્ધ ખંડણી માંગવાની ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ બાદ આરોપી પ્રદીપ ગોસ્વામીએ આગોતરા જામીન અરજી કરી હતી જેમાં કોર્ટે પીએસઆઈ ગોસ્વામીને પોલીસ તપાસમાં સાથ-સહકાર આપવા હુકમ કર્યો હતો અને તેની આગોતરા જામીનમાં સીટી સીવિલ સેશન્સ કોર્ટના સરકારી વકીલ મુકેશ કાપડીયાએ દલીલો કરતા કહ્યું હતું કે, આરોપી ગોસ્વામી વિરૂધ્ધ પ્રથમ દર્શનીય ગુન્હો બને છે ઉપરાંત તેમણે એક જવાબદાર પીએસઆઈ હોવા છતાં ખંડણી માંગી હતી જે કૃત્ય કાયદા વિરૂધ્ધ છે. કોલ સેન્ટરના માલિક અને પીએસઆઈ પ્રદીપ ગોસ્વામી વચ્ચે કોઈ દુશ્મનાવટ પણ ન હતી. તેમજ જો કોલ સેન્ટરના માલિક કોઈ ગેરકાનૂની કાર્ય કરતા હોત તો સૌપ્રથમ તેમની પીએસઆઈ ગોસ્વામીએ તપાસ કરવી જોઈતી હતી. ઉપરાંત જો આરોપીને આગોતરા જામીન આપવામાં આવશે તો આરોપી પીએસઆઈ કેસ અંતર્ગત સંકળાયેલા સાક્ષીઓને ફોડવાની કોશિષ કરી શકે છે. જેનાથી સમાજમાં ખોટો સંદેશ જઈ શકે છે. સરકારી વકીલે ધારદાર દલીલો કરતા કોર્ટનું ધ્યાન દોર્યું હતું. સેશન્સ કોર્ટે પણ આરોપી પીએસઆઈ ગોસ્વામી વિરૂધ્ધ પ્રથમ દર્શનીય ગુન્હો બનતો હોવાની નોંધ લઈ તેમના આગોતરા જામીન નામંજુર કર્યા છે. સૂત્રોની જાણકારી અનુસાર આગામી સમયમાં બંને પીએસઆઈ સસ્પેન્ડ થાય તેવા ભણકારા વાગી રહ્યા છે.

કૃષિ મહોત્સવના પ્રચાર, પ્રસાર માટે કાર્યક્રમો થશે

ગાંધીનગર, તા.૧૩

રાજ્ય સરકારના રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરી દ્વારા આવતીકાલે મંગળવારથી પ્રારંભ થતા કૃષિ મહોત્સવના વ્યાપક પ્રચાર-પ્રસાર માટે લોકડાયરો, શેરીનાટક અને ભવાઈના ૪૦૦૦ જેટલા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

કૃષિ ખાતાના પરામર્શમાં તા. ૧૪થી ૩૧મી મે, ૨૦૧૩ સુધી ચાલનારા કૃષિ મહોત્સવ દરમ્યાન દરેક જિલ્લાના રમતગમત અધિકારી દ્વારા કલસ્ટરના ગામોમાં જ્યાંથી કૃષિ રથ પસાર થવાનો ત્યાં સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા લોકજાગૃતિ કેળવી પ્રચાર-પ્રસારનું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું છે. જે ગામમાંથી કૃષિ રથ પસાર થવાનો હોય ત્યાં અગાઉથી સિદ્ધહસ્ત કલાકારો દ્વારા નાટક, ભવાઈ, લોકડાયરા મારફત કૃષિ ખાતાની લોકોપયોગી યોજનાઓની સમજ ખેડૂતોને આપવામાં આવશે. પાંચ ઝોનમાં અલગ સ્ક્રીપ્ટ દ્વારા ખેતીવાડી અને પશુપાલન ખાતા દ્વારા ૨૦૦૦ કાર્યક્રમો તથા યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા ૨૦૦૦ કાર્યક્રમો સવાર-સાંજ કરીને કૃષિ ખાતાના વિકાસની દાયકાની ફલશ્રુતિની ઝાંખી કરાવાશે.

હવે અંધજનો પણ ટાઇપ કરી શકશે સ્માર્ટફોનમાં મેસેજ

બ્લાઈન્ડ પીપીલ્સ એસોસિએશનનો મત લઈને ખાસ પ્રકારનું સોફ્ટવેર તૈયાર કરાયું

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર આઇઆઇટીમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓએ અંધજનો માટે મોબાઇલ ફોન બનાવવા ચાલી રહેલા સંશોધન ક્ષેત્રે એક નવું સોપાન શરૂ કર્યું છે. ૨૬ વર્ષીય અદિત ગુપ્તાએ એક વર્ષના સંશોધનના અંતે એક ખાસ પ્રકારનું સોફ્ટવેર તૈયાર કર્યું છે, જેને મોબાઇલમાં ઇન્સ્ટોલ કર્યા બાદ અંધજનો પોતાના મોબાઇલમાં સરળતાથી મેસેજ ટાઇપ કરી શકે છે. આદિતે તેની બેચલર ડિગ્રી કેમિકલ એન્જીનયરીંગ વિષય સાથે મેળવી છે. એન્જીનયરીંગ અભ્યાસ દરમિયાન તેનો ગૌણ વિષય કોમ્પ્યુટર સાયન્સ હતો. આદિતને અંધજનો જ મોબાઇલ ન વાપરી શકવાનો વિચાર સતત આવ્યા કરતો હતો અને તેના પરિણામે તેણે આ દિશામાં પ્રયત્નો શરૂ કર્યા હતા. તેણે પોતાનું રિસર્ચ એક્સેસેબિલીટી ઓફ સ્માર્ટ ફોન ફોર બ્લાઇન્ડ પ્રો. ડૉ. નિખિલ બલરામ (પ્રેસિડેન્ટ સીઇઓ ઓફ રીકો ઇનોવેશન કોર્પોરેશન) અને પ્રો. પ્રત્યુશ દયાલ (ગાંધીનગર)ના માર્ગદર્શન હેઠળ કર્યું હતું.

ડબલ્યુએચઓના ૨૦૧૦ના રિપોર્ટ પ્રમાણે સમગ્ર વિશ્વમાં ૩૯ મિલિયન બ્લાઇન્ડ લોકો વસે છે અને ભારતમાં અંધ લોકોની વસ્તી આઠ મિલિયન જેટલી છે. આદિત્યના જણાવ્યા અનુસાર, અંધજનો ટચસ્ક્રીન ધરાવતા મોબાઇલનો ઉપયોગ કરી શકતા નથી. હાલ અંધજનો માત્ર એડોપ્ટ એરોર પ્રોન કમ્પેનસેટરી સ્ટેટેજીસ દ્વારા જ મોબાઇલ ઉપયોગ કરવાની સવલત છે જે અત્યંત ખર્ચાળ છે.

અદિતના જણાવ્યા અનુસાર, ભારતના માર્કેટમાં સ્માર્ટ ફોન વાપરવામાં ઉપયોગી થઇ શકે તેવી ટેક્નોલોજી ઉપલબ્ધ છે. પરંતુ તેના માટે પણ અંધજનો એક્સ્ટ્રા લેટરી સેટઅપની આવશ્યકતા રહે છે.

ટચસ્ક્રીન ફોનમાં ટચ ટાઇપીંગએ અંધજનો માટે મુખ્ય સમસ્યા છ. બ્લાઇન્ડ પીપલ્સ એસોસીએશનના સતત સંપર્ક રહીને બ્લાઇન્ડ લોકોની મૂળ સમસ્યાને ઓળખીને અંદિતએ અંધજનો માટે ટચટાઇપીંગમાં વિશેષ સંશોધન કર્યું છે. તેણે કરેલા સંશોધનમાં અંધજનો માટે ટચ સ્ક્રીન ફોનમાં ટાઇપીંગની સુવિધા ડેવલોપ કરવામાં આવી છે. આ સુવિધા અંધજનોને નોર્મલ ફોનમાં આવેલા ટાઇપીગ કિબોર્ડ કરતા પણ વધુ સેક્યુરેટ અને ઝડપી છે.

ઓઢવ ખાતે ગળે ફાસો ખાઈને કરી આત્મહત્યા

ઓઢવ વિસ્તારમાં રહેતા ૪૮ વર્ષનાં પ્રૌઢ એક કેમીકલ કંપનીમાં છતના હુકમાં દોરડું બાંધીને ગળેફાસો ખાઈલેતા પુરા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર ગોકુલનગર આદીનાથનગર ઓઢવ વિસ્તારમાં રહેતા નાનજીભાઈ ઠાકરશીભાઈ કોરીયા (ઉ.વ. ૪૮) એ તા-૧૧-૫-૧૩ના રાતના સમયે અગણ્ય કારણોસર ઓઢવ ગુજરાત વેપારી મહામંડળ સિમકોલ નામની કેમીકલ કંપનીના છતના હુકમાં દોરડું બાંધીને ગળેફાસો ખાઈને આત્મહત્યા કરીલેતા તેમના પરિવારમાં તેમજ આસપાસના વિસ્તારમાં ગમગીની ફેલાઈ ગઈ છે. આ અંગે ઓઢવ પોલીસ એ અકસ્માત મોત નેંધી આ અંગેની વધારે તપાસ મ.સ.ઈ. દસરથસિંહ પ્રભાતસિંહ એ આદરી છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮